अहिंसा परमो धर्मः

સ્ત્રીઓનું કર્તવ્ય.

મુંબઇ ગોરક્ષક મંડળીના પાંચમાં વાર્ષીક
મહોત્સવ પ્રસંગે રા. રા. પ્રાણજીવનદાસ
કાહાનદાસે સ્ત્રીઓના મેલાવડા
સમક્ષ આપેલું વ્યાખ્યાન.

આર્ય સ્ત્રીઓને મનનકરવા પરોપકાર્થે
મફત વેંહેંચવા.

છપાવી પ્રકટકર્તા.
પુરૂષોતમદાસ ભગવાનદાસ ભાનુશાલી
મુંબઇ—ડંકનરોડ.
" ભુલેશ્વર છાપાખાનામાં " છાપ્યું.

ઇ૦ સ૦ ૧૮૯૩.

સ્ત્રીઓની ફરજ.

ગરબો.

"સારૂં સારૂં રે સુરત શેહેર, મુંબઇ અલબેલી"—એ રાહ.

સહુ કામનીનું એ કામ, ગોરક્ષણ કરવું;
નથી અવિચળ આ ધનધામ, છે અંતે મરવું. (ટેક)
મરણતણો ભય નિશ્ચય જાણી, દોષથકી દીલ ડરવું રે;
હિંસક કર્મો હણવા માટે, તન મન ધન વાવરવું.—ગો૦ ૧
કાન્તા વચન કવિતા જેવું, મનહર મધુર ઉચ્ચરવું રે;
જગનું જેમાં હીત સમાયું, એ શુભ પગલું ભરવું.—ગો૦ ૨
સર્વ સુધારા સુખનું સાચું, માનુની મુળ સમજવું રે;
માનુની માન્ય કરે તે માન્યજ, અન્ય પડેછે તજવું.—ગો૦ ૩
સીતા સાવિત્રી દ્રૌપદી ને, અનસુયા ભોગવતી રે;
પતિસંમતિયે ઉત્તમ કાર્યો, કેવાં નિત્યે કરતી ?—ગો૦ ૪
ગાય પાળવા પ્રેમ ધરો તો, થાએ જલદી ક્ષેમ રે;
બચે બિચારાં ઉત્તમ પ્રાણી, આણો ઉરમાં રે'મ.—ગો૦ ૫
આ સંસારરૂપી સાગરથી, તુરત હોય જો તરવું રે;
પ્રાણ પ્રમાણે ગાય પાળવી,' નિશ્ચયથી નવ ફરવું.—ગો૦ ૭
લાખો જીવ કસાઇ લે છે, તેનું થાય ઉગરવું રે;
પુણ્યતણા એ પંથે પ્રેમે, કેમ ન કાન વિચરવું ?—ગો૦ ૮

હરિગીત છંદ.

ગુણવંત ગાય ગણાય તે વખણાય સુખદ જણાય છે,
તે નિત્ય જંગલ જાય ને ખડ ખાય પણ પય પાય છે,
છેદાય નવ તેનું ગળું ત્યમ આર્ય વિરો આદરો,
ગોમાતાની રક્ષા કરો રક્ષા કરો રક્ષા કરો.



સ્ત્રીઓનું કર્તવ્ય.

મુંબઇ ગોરક્ષક મંડળીના પાંચમાં વાર્ષિક મહોત્સ
પ્રસંગે સ્ત્રીઓના મેલાવડા સમક્ષ રા. રા.
પ્રાણજીવનદાસ કહાનદાસે
આપેલું વ્યાખ્યાન.

આર્ય માતાઓ, બેહેનો અને પુત્રીઓ,

આ પ્રસંગે આપની આગળ સ્ત્રીઓનું કર્તવ્ય શું છે એ વિષયપર મારે કથન કરવાનું છે તે આપ એકાગ્ર ચિત્તથી શ્રવણ કરશો એમ ધારૂં છું. બેહેનો! આપ નિશ્ચય કરી માનજો કે જ્યાંલગી તમો તમારૂં કર્તવ્ય શું છે તે જાણશો નહીં અને જાણવાનો પ્રયત્ન કરશો નાહીં ત્યાંલગી આપણો સંસાર કદી સુધરવાનો નથી અને આપણી ઉછરતી પ્રજાની કદિ ઉન્નતિ થનાર નથી. સુજ્ઞ બેહેનો! આપે નક્કી જાણવું કે સંસાર સુધારણા કોઇ દેશમાં એકલા પુરૂષોથી કંઇ થઇ નથી અને થવાની નથી. કેમકે પુરૂષ તે પુરૂષનુંજ કામ કરી શકે અને સ્ત્રી તે સ્ત્રીનુંજ કામ કરી

શકે. પણ પુરૂષનું કામ સ્ત્રીથી તેમ સ્ત્રીનું કામ પુરૂષથી ખરેખર થઇ શકતું નથી. પરમેશ્વરે સ્ત્રી અને પુરૂષની શરીર રચના અને તેમના પ્રકૃતિ ગુણો એવા રચેલાં છે કે તેઓ પોતપોતાનુંજ કામ સારી રીતે કરી શકે અને તે બેઉ ઉભયપક્ષે પોતાનું કર્તવ્ય યથાસ્થિત બજાવતાં શિખે, અને તેમ વરતે, ત્યારેજ તેમના સંસારની રેંટમાળ ખરેખર ચાલે. માટે બેહેનો, જેમ પુરૂષને પોતાના બહારના કાર્યો યથાસ્થિત કરવાને શિખવું જોઇએ છે, તેમ તમારે ગૃહના કાર્યો વ્યવસ્થા પુર્વક કરવાને શિખવું જોઇએ છે. કેમકે ઘરની માલીક સ્ત્રી કેહેવાય છે અને તેટલામાટે તેમને ગૃહિણી (ઘરની માલીક) એવી સંજ્ઞા શાસ્ત્રે આપી છે. પુરૂષને તો ગૃહસ્થ એટલે ઘરમાં વાસો કરનાર એવી સંજ્ઞા આપેલી છે. પુરૂષનો બહારનો ઉદ્યોગ ચતુરાઇથી ચલાવી પોતાની સ્ત્રિયા અને બચ્ચાંખાળા વગેરે પોતાના આશ્રિતોનું પાલગ્રુપોષણથી લાલન પાલન કરવાનું છે અને આખા કુટુંબપર ઉપરથી દેખરેખ રાખવાનું છે પણ ગૃહકાર્યની તમામ વ્યવસ્થા કરવાનું કામ તેમનું નથી, પણ તમારૂં સ્ત્રીઓનું છે. ઘરની તમામ વ્યવસ્થા રાખવી, એ સ્ત્રીઓનુંજ કામ છે અને તે બજાવેથીજ સ્ત્રીઓ પુરૂષની અર્ધાંગના કેહેવાય છે, માટે એ વાત પ્રત્યેક સ્ત્રીએ ધ્યાનમાં રાખવી જોઇએ છે, અને ગૃહકાર્યની કેળવણી લેવી આપવી જોઇએ છે, અને તેમાંજ તેની શોભા અને તેમાંજ કીર્તિ રહેલી છે. સારાં સારાં લુગડાં ઘરેણાં પેહેરવાં અને તેને માટે પોતાના

પ્રિય પતિને હઠવાદ કરીને ત્રાસ આપવો અને તેના મનને દુખવી મિથ્યા ભપકો કરવા ઇચ્છવું અને એકઠા મળી ગામનો કુથલો કરી, કુટુંબમાં સગાંવહાલામાં અને પારપડોશમાં કલેશ કંકાસ ઉત્પન્ન કરી બીજાના અને પોતાના જીવને ખેદ ઉત્પન્ન કરવો, અને પોતાની પ્રજાને ખરાબ નમુનો દેખાડી કુમાર્ગે ચઢાવવી, એ મુર્ખતા શિવાય બીજું કાંઇ નથી. અને એવી હમારી મુર્ખ બેહેનોને "કજીઆબાઇ કે કર્કશાબાઇ" એવી ઉપમાઓ મળેછે, અને જગતમાં નિંદાને પાત્ર થાયછે તે તમો સુજ્ઞ બેહેનો સારી રીતે જાણોછો. માટે તેવા માર્ગમાં આપણી ઉધરતી પ્રજા ન દોરવાય, તેવિષે આપ બેહેનોએ ધ્યાન અને કાળજી રાખવી ઘટેછે. લુગડાં ઘરેણાં જેવી જડ વસ્તુપર અને તેના મિથ્યા ભોગપર મોહો રાખવો, તેના કરતાં પરમેશ્વર જેવો પુજ્ય પોતાને જે પ્રિયપતિ અને ઇશ્વરે આપેલાં પોતાના બચ્ચા બાળાપર મોહો રાખી તેમના અને આખા કુટુંબપ્રત્યે જે કર્તવ્ય બજાવવાનું છે, તે બજાવવું તેમાંજ તમારી મોટાઇ અને શોભા રહેલી છે. સ્ત્રીઓનું કામ તો એજ છે, કે પોતાનો પ્રિય પતિ સંતોષ પામે એવી રીતે ચાલવું, તે દેશ પરદેશ કે ટાઢ તડકામાં ફરી જે કમાઇ લાવે, તેની ગણત્રી કરી, તેમાંથી કાંઇપણ ભાગ ભવિષ્યમાં દુઃખને ન આવવા દેવામાટે અલગ રાખી, પોતાના ઘરનો ખરચ તજવીજથી અને કરકસરથી ચલાવવો અને પોતાના પતિની પેદાશમાં વધારો થાય એવું ધોરણ રાખવું. બીજું ઘરમાં કરકસરથી કીધેલા ખરચ ખુટણનનો હિસાબ

રાખી દરમાસે પોતાના પ્રિયપતીને તે બતાવી તેમની ખાત્રી કરી આપવી કે ઉડાઉ ખરચ કરી હું તમને સંતાપવા ચાહતી નથી. જેથી પતિ પત્નિવચ્ચે દિનપરદિન પ્રેમ વધતો જાયછે અને તેમની પ્રજાપણ તેવીજ નિવડે છે. અને એવા ઘરમાં શ્રેયદાતા ઈશ્વર શ્રેય આપી તે કુટંબને ચઢતી સ્થિતિમાં લાવેછે, એટલુંજ નહીં પણ તેવા કુટુંબમાં હમેશ આનંદ મંગળ રહેછે. ત્રીજું સ્ત્રીઓનું કામ એ છે કે સુઘડતાઇથી ઘરની તમામ ચીજો સ્વચ્છ રાખવી અને તેની ગોઠવણ બરાબર વ્યવસ્થાથી રાખવી કે તેથી પોતાના નિત્ય કાર્યમાં અને ઉપયોગમાં કાંઇ અવ્યવસ્થાનો ત્રાસ આવે નહીં અને પોતાના છોકરાંપણ તેમ શિખે તથા તેમજ અનાજ પાણી આદિની પણ વીણી ચુંટી સ્વચ્છ વ્યવસ્થા રાખી તેને ઉપયોગમાં લેવું. તેમાં કાંઇપણ અપવિત્રાઇ કરવી નહીં. કેમકે તેથી શરીરને નુકસાન થાય છે. તેમજ જો ઘરવાળી ઝાડી લીપી ગુંપીને તથા લુગડાં લતાં ધોઇ ધાઇને સ્વચ્છ ન રાખે તો નાનાપ્રકારના જીવજંતું ઉત્પન્ન થઇ ઘરમાં ગુંચવાડો થાયછે, અને દુર્ગંધ અને સરદી વગેરે વધી શરીર પ્રકૃતીનો બીગાડ થાયછે. માટે સ્ત્રીઓએ ચારેગમ દયાન રાખી ઘરને સારી સ્થિતિમાં રાખવું જોઇએ છે.

હવે એ ઉપરાંત મારે મારી વહાલી બેનોને ઘણો અગત્યનો મુખ્ય બોધ કરવાનો છે કે તમો બેહનો વંશપરંપરાથી ચાલતી આવેલી રસોઇની ક્રિયા અને વિધિ દેખાદેખીથી સાધારણ રીતે શિખતા આવ્યા છો,

પરંતુ તેનું ખરૂં મહત્વ શું છે? અને તેની ખરી ક્રિયા તથા ખરી વિધિ શી છે? તેથી તમો બ્હેનો અજ્ઞાન છો. તેથી કુટુંબના માણસની શરીરપ્રકૃતિમાં ઘણું નુકસાન પહોંચે છે તે સ્પષ્ટ રીતે જણાતું નથી, અને તેથી ખરી મહેનતનો મેળવેલો પૈસો વૈદ્યડાકટરના ખરચમાં ઘણો તણાઇ જાય છે. બેહેનો, તમે એમ સમજો છો કે શાકભાજીમાં મસાલો નાંખવો અને વધાર કરવો, અને મીઠાઇઓમાં મેવામસાલો નાંખવો, એ માત્ર સ્વાદનેજ માટે છે, અને જેમ મસાલો વધારે નાંખી તીખુ તમતમું કરીએ એમાંજ મઝા છે? પણ પાકશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રના ધોરણ પ્રમાણે તેમ નથી, પણ વગર સમજનો વિશેષ મસાલો નાંખવાથી ખાનારના શરીરને ઉલટું નુકસાન થાય છે. માટે જે ચીજમાં જેટલો મસાલો અને જેનો વધાર જરૂરનો હોય તેટલો મસાલો અને તેવો વધાર કરી તે વસ્તુને ગુણદાયક કરવી જોઇએ તો તેથી તે શરીરપ્રકૃતિને માફક આવી વાતપિત્ત, કફનો પ્રકોપ થવા પામતો નથી અને પાચન શકતીને હાનિ પહોંચતી નથી. ખાટા, ખારા, તીખા અને ઘણા તૈલીક પદાર્થો રજો કે તમોગુણી હોવાથી શરીર અને બુદ્ધિ બેઉને બીગાડે છે માટે તેવા પદાર્થ પર લલુતા રાખવી એ હાનિકારક છે. એવી લલુતા ઓછી કરવી અને ઘી, દુધ, શાકર તથા ચોખા ઘઉં આદી અનાજ જે સાત્વીક ગુણી પદાર્થો છે તેનું વિશેષ સેવન કરવું એ લાભદાયક છે. તેથી બુદ્ધિ વધે છે અને શરીરને પુષ્ટી મળે છે તથા મનુષ્ય સાત્વિક

ગુણવાળો થાયછે. ટુંકમાં કેહેવાનો સારાંશ એ છે કે તમો બેહેનો એ પાકક્રિયાનો પાકવિધિનો અને તેમાં વપરાતા પદાર્થોના ગુણદોષનો અભ્યાસ કરી તે તમારા પોતાના કાર્યમાં તમારે પ્રવિણ થવું જોઇએ અને તે પ્રમાણે ક્રિયાચારી થઇ તમારા પ્રિયપતીના તમારા બાળબચ્ચા વગેરેના અને તમારા પોતાના શરી-રના સંરક્ષક થઇ તમારે તમારા કુટુંબને નિરોગી અ-, ને દીર્ધાયુષી કરવાને ઘણી કાળજી રાખવી જોઇએ છે. કુટુંબમાં કોઇની શારીરપ્રકૃતિ બીગડે ત્યારે ખાનપાન વિધિમાં કેવી યોજના કરવી અને પેઠેલા રોગને અટ-કાવવાને અને હઠાવવાને બાહર ઔષધઉપચાર શી રીતે કામે લગાડવા એ સ્ત્રીઓને શિખવું ઘણું જરૂરનું છે. સ્ત્રીઓએ પોતાના શરીરરક્ષણ સંબંધીપણ ઘણું જા-ણવું જોઇએ છે કે સગર્ભા થયા પેહેલાં ખાનપાનાદિ આહારવિહાર કેવી રીતે રાખશે? સગર્ભા થયા પછી પોતાના ગર્ભના અને પોતાના રક્ષણ માટે દર માસે શાશા ઔષધોપચાર કરવા અને કેવો ખાનપાન વિધિ રાખવો તથા પ્રસુતિ થયા પછી પ્રસુતીની કેવી વ્યવ-સ્થા રાખવી જોઇએ અને વર્ધદિવસ સુધી કેવા નિયમ અને વ્રતથી રહેવું જોઇએ વગેરે ઘણું ઉપયોગી જ્ઞાન સ્ત્રીઓને મેળવવાનું છે અને પોતાના તથા પોતાના કુટુંબના સર્વના શરીરનું રોગાદિથી સંરક્ષણ થાય એવો ખાનપાનાદિ વિધિ રાખી રોગને શરીરમાં પ્રવેશ કરવા દેવો નહી એ સ્ત્રીઓનું ચાતુર્ય અને કર્તવ્ય છે. જો કે

મિથ્યા સ્વાદિ ખાટા, તીખા, વાયડા, તૈલિક ચટકેદાર પદાર્થો તથા ઘણાજ સ્નીગ્ધ મિષ્ટાન્ન અને વાસી પદાર્થ ખાઇ ખવડાવીને પ્રથમ શરીરની આરોગ્યતાનો બીગાડો અને નાશ કરી લેવો અને પછી વૈદ દાકતરોને ત્યાં વારંવાર દોડી, તન, મન, ધનની ખુવારી કરવી અને દુનિયામાં "પેહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવત જાણ્યાં છતાં તેમા બીનદરકાર રહેવું, એથી બીજી મુર્ખાઇ કઇ? માટે સ્ત્રીઓએ પોતાનો ગૃહિણીધર્મ શિખવો અવશ્યનો જાણી શરીર સંરક્ષણ વિદ્યામાં આહારવિહાર અનેં પાકવિદ્યાનો અને કુટુંબમાં નિતિધર્મનો પ્રચાર કરવાને અને રાખવાને માનસિક ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવો જોઇએ તથા "માતૃદેવ" એટલે "માતા," "પિતૃદેવ" એટલે "પિતા," "પતીદેવ," એટલે પોતાનો "સ્વામિ" અને તેમના માતપિતા જે પોતાના દેવનાદેવ કહેવાય એ સર્વેની યથાયોગ્ય સેવા કરવામાં પ્રવિણ અને શિક્ષિત રહેવું જોઇએ અને પોતાની ઉધરતી પ્રજાને પણ તેવુંજ શિક્ષણ આપી પોતે પોતાનો ધર્મ બજાવી દેવી સંજ્ઞાને પ્રાપ્ત થયું ઘટે છે, અને એજ પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે. નકે ઇશ્વરદત્ત પોતાની પ્રજાને બીનદરકારથી વેહેતી અને રઝળતી મુકી કુસંગે અને કુચેષ્ટાએ ચડાવી તેમનો ભવ બગાડવો, અને પોતે બીજી સધવા કે વિધવા, તરૂણ કે વૃદ્ધ, કુટીલ સ્ત્રીઓના સંગમા બેસી પોતાના કે પારકા ઘરનો કુથલો કરી તથા પોતાના પતિ કે સાસુ સસરા વગેરેની અમર્યાદા રાખી તેમની અને

ઘરની બદબોઇ ગાઇ પોતાના કુટુંબની અને પોતાની હલકાઇ દેખાડવી અને તેમની દુષ્ટ સલાહ અને શિખામણ સાંભળી ઘરમાં કલેશરૂપી આગ સળગાવી કુટુંબના આનંદનો ભંગ કરવો અને ઘર પ્રતિષ્ટા ખોવી. સ્ત્રીનો મુખ્ય ધર્મ તો એજ છે કે ઘરની તમામ પ્રકારની વ્યવસ્થા રાખવી, પતિ આદિ કુટુંબના પુજ્ય સ્ત્રી પુરૂષોનો યથોચિત સત્કાર કરવો અને પોતાની ઉઘરતી પ્રજાને આઠ વર્ષની વય થાય ત્યાં લગી પોતે ઘરમાં કેળવણી આપી અને તેમાં પોતાના પતિની ઘટતી મદદ લઇ તેમને સુશિક્ષા આપી સુચેષ્ટાએ ચડાવવા અને સારી રીતે વાંચતાં લખતાં શિખવવું અને તેમને "માતૃદેવ," "પિતૃદેવ," "આચાર્યદેવ" (શિક્ષા ગુરૂ) અને "અતિથિ દેવ" (સંન્યાસી આદિમહાત્મા પુરૂષ) એવા ચાર પ્રકારના મુર્તીમાન પરોપકારી દેવની સેવા ભકિત અને અમુર્ત જે પરમાત્મા તેની સ્તુતી, પ્રાર્થના અને ઉપાસના શિખવી, અધર્મ માર્ગે જતા તે જગન્નિયંતાથી બીએ એવો બોધ બચપણથી કરવો પણ તેમને મેહેતાજીની સીપાઇની કે જનજનાવરસની બીક તથા ભુત પ્રેતાદિનો ભય અને મુઠ ચોટ આદિ છુમંત્રનો કે ગ્રહપીડાના વેહેમના મિથ્યા બોધનો સંસ્કાર તેમના કાનપર થવા દેવો નહીં. છોકરાને બીહીકણા, બાયલ અને હીચકારા થાય એવો બોધ કદી કરવો કે કરવા દેવો નહીં. કુસંગે ગમતરમતમાં ફરવા દેવા નહી. એ નિધા રાખવી, એ સ્ત્રીઓનું કર્તવ્ય છે. સ્ત્રીઓએ પોતાના બચ્ચાં

ને બચપણુમાં ત્રાસ કે ભય ઉત્પન્ન થાય નહીં એવી રીતે ગમતરમત અને હર્ષાનંદથી રીઝવીને રૂચતી રૂચતી કેળવણી આપી તેમને રમતગમતથી સુમાર્ગે દોરવવા એ તેમનું મુખ્ય કર્તવ્ય છે જે ન બનાવવાથી પરમેશ્વરને ન્યાયે તે પાપી થાય છે અને શાપિત બદલો ભોગવવો પડે છે. માટે સુજ્ઞ બેહેનોએ તેવિષે ખુબ લક્ષ રાખવું. અને પોતે પાપી ન થવું એવો મારો માનસિક બોધ તેમના પ્રત્યે છે તે તેઓ સ્વીકારશે એવી આશા છે.

હે! વહાલી બેહેનો! દુષ્ટ લલુતાથી કે દુષ્ટ વાંછનાથી કોઇને સુખ કે સંતોષ પ્રાપ્ત થયો આજ લગી પ્રત્યક્ષમાં જણાયો નથી. પણ તેમાં ખાલી જીંદગી ગુમાવી પાપનો ભંડાર બાંધવાના છે. માટે ખરો શ્રેય તો એજ છે કે પતિ આદિ પ્રત્યક્ષ પુર્વજ દેવોની પ્રત્યક્ષ સેવા કરવી, સદ્‌વિચાર સુદાચરણ અને પરોપકારના કૃત્યો આદરવાં અને આચરવાં. "ગવાદિ" પશુઓનું પાલણ કરવું, સત્ય બોલવું અને આચરવું, અને પતિવ્રત ધર્મ યથોચિત પાળવો એવું સત્યવ્રત ધારણ કરીને, આહિક (દુનિઆનું) અને પરમાર્થીક (મોક્ષનું) સુખ પ્રાપ્ત કરવાને દૃઢ સંકલ્પ કરવો, અને તેથી પ્રથમ તેનું તાત્કાળ ફળ કુટુંબ સુધારણાં થવાથી પ્રત્યક્ષમાં જણાઇ આવશે તે જોવું. વળી જે સ્ત્રીઓ ઘરમાં પોતાની શકિત પ્રમાણે એક કે અનેક ગાય પાળી તેમની સેવા કરશે, અને નિત્ય ગૌગ્રાસ આપશે તેને તેના બદલામાં દુધ, દહીં, ઘી, ગોબર, મુત્ર આદિ પંચગવ્યનો પવિત્ર પ્રસાદ મળવાથી અને તેનો ઘરમાં

ઉપયોગ કરવાથી તેમના કુટુંબનું બુદ્ધિબળ અને શારીર બળ વધી તેઓ ધર્માત્મા નિવડશે, અને વળી વપરાતા "જયગોપાળ" શબ્દનું સાર્થક થઇ, તેનો મહિમાં પણ રહેશે તથા ઉપરથી પ્રજાને આવો દુધવીગેરેનો પૌષ્ટિક અને પવિત્ર સુઘડ ખોરાક માફકસર મળવાથી તેઓ બુદ્ધિવાન, વીર્યવાન, દીર્ઘાયુષિ અને પુરૂષાર્થી નિવડી વંશપરંપરાનો મહિમા વધારશે માટે કુટુંબ સેવા સાથે "ગૌસેવા"નો નિકટ સંબંધ છે તે "ગૌસેવા" પણ સુજ્ઞ સ્ત્રીઓએ અવશ્ય કરવામાં કદી પછાત પડવું નહીં આ મારી છેલ્લી ભલામણ છે.

ગોસેવાની મહત્તા.

ગરબી.

"હરિભજન થકી, છોટા હોય તે સહુથી મોટા થાય"—એ રાહ.

સહુ નરનારી, ગાયતણું ગુણગાન કરી સુખ માણીએ;
ભવસાગર આ, તરવાનું સાધન ગોસેવન જાણીએ. (ટેક)

જન જન્મથકી પયપાન કરે, તર તક જમી બળ શુદ્ધ ધરે;
અન્નવસ્ત્ર સજી એથી ઉધરે,—સહુ નરનારી. ૧

શીતળ નિર્મળ મુખડું રૂડું, કાદયે ન કરે કોનું કૂડું;
ઉર શાન્ત વિશાળ અતિ ઉંડું,—સહુ નરનારી. ૨

અણિયાળી કાળી આંખલડી, ધોળી રાતી શુભ જાતલડી;
કોઇ જાડી ઝાઝી પાતળડી,—સહુ નરનારી. ૩

રક્ષણ એનું તે આપણનું, જર મૂક્યું જાણે થાપણનું;
પણ થેલીપર તાળું મણનું,—સહુ નરનારી. ૪

એ વૈતરણી તીરે તારે, યમ મારે ત્યાંથી ઊગારે;
દે શાસ્ત્ર શાખ જેની ભારે,—સહુ નરનારી. ૫

પાલન પોષણ રક્ષણ કીજે, શુભ લક્ષણ સેવાનાં લીજે;
ઝટ કાન સરસ અમૃત પીજે,—સહુ નરનારી. ૬

ત્રને ગમે તે રીતે કોઈ પણ ઘરનું સારૂં રાચ રચીલું
કરીએ. તે મિત્ર દુર દેશાવર ગયો અને પાછળ તે-
પોતાના નિર્વાહને માટે ૧૦૦ રૂપિયા માગે, ત્યારે
ચાલેજ નહીં, કારણ કે, આપણે અગાઉ તેનો ભા-
નું હતું. પણ પાસે પૈસા ન હોય ત્યારે લાચાર થઇ ના
મિત્ર પરદેશ ગયો છે, તે તો તરતજ પોતાના કુટું-
તા પૈસા પૂરા પાડી શકે નહી.
ારાઓ આ નિબંધ વાંચીને તાત્પર્ય શું કાઢયો. કા-
નથી, માટે અગાઉથી પોતાનાં કુટુંબને વાસ્તે પો-
ા આપણી ફરજ છે. ઇશ્વર કૃપાથી આપણને જો
વધારે ધન પ્રાપ્ત થયું, તો તેનો યોગ્ય રીતે ઉપયોગ
ા પરમ દયાળુ મહાપિતા પરમેશ્વર આપણા ઉપર પ્રસન્ન
નીજ આજ્ઞા મુજબ વર્તવાથી આપણું શરીર અસા-
એટલુંજ નહિ પણ સદાચરણમાં ચાલવાથી મોજ શો-
ડાવવાનો વિચાર પણ આવે નહિ, ત્યારે ઉડાઉ પણાની
ા.

તથાસ્તુ.

"સત્ય શોધક મંડળી" તરફથી આજ સુધીમાં પ્રિય નિબંધોનું લિસ્ટ.

નામ.

આરોગ્ય રહેવાના ઉપાય.
હિન્દની હાલત.
ગોરક્ષા પ્રબોધ.
ગોરક્ષા શતક.
આર્યનાર્ય સ્ત્રી.
તનદુરસ્તી—દુનિયાની દોલત.
પ્રજાનું સદાચરણ—દેશનો ઉદય.
સંપત્તિનો ઉપભોગ.
ધંધારોજગારની પસંદગી.
મનુષ્યોની ભૂલ એજ દુઃખનું મૂળ.
[illegible]

મુંબઇ } મૂળશંકર મયાશંકર.
ગીરગામ. } સ. મં. વ્યવસ્થાપક.
